સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ઘણીવાર ગરીબી માધ્યમોને અકળાવી દે છે!
અપમાનજનક પરિસ્થિતિ ઢકરાવી દે છે!
થકાવી દે છે સત્ય અને મૂલ્ય-નિષ્ઠાના માર્ગેથી -
શ્રમનો હાઈવે છોડાવી, કેડી પકડાવી દે છે!
(કોલ સેન્ટર-કમાણીનો ટૂંકો માર્ગ)

હાઈકુ

'રીઢા-નગુણા'
સત્તા ભૂખ્યા નેતાઓ -
મારે ગૂલાંટો...
(યુપી માં ઉથલપાથલ)

આખા વિશ્વને -
પછાડવાના ખેલે,
જીતે ભારત...
(કબડ્ડી ચેમ્પીયન ચાણક્ય)

ચિંતન

તીરથ નહાયે એક ફળ, સાધુ મિલે ફલ ચાર,
સદ્‌ગુરુ મિલે અનેક ફળ, કહે કબીર વિચાર.

ભારતીય સંસ્કૃતિમાં તીર્થ સ્થાનોનું મહત્ત્વ અનેરું છે. તીર્થસ્થાને સ્નાન એ પુણ્યકારી માનવામાં આવે છે. તુલસીદાસ સંતો ને જંગમ તીર્થસ્થાન તરીકે વર્ણવે છે. જે પરિભ્રમણ કરીને ઘર બેઠાં ગંગા જેવું સદુપદેશથી કરાવે છે. તીરથમાં નહાવાથી દેહશુદ્ધિનું પુણ્ય અવશ્ય મળે છે. પણ સાધુ સંગતથી જીવનના ચાર લક્ષ્યની પ્રાપ્તિ- અર્થાત્ અર્થ, કામ, ધર્મ અને મોક્ષનું ફળ મળે છે. જીવનનૌકા ભવસાગર તરી જાય છે. કબીરના મતે સાચા સંત ગુરુ તરીકે મળે તો અનેક ફળની પ્રાપ્તિ થાય છે. કમનસીબે ધર્મમાં સડો પેસે છે ત્યારે સાચા અને પાખંડી સાધુ વચ્ચે ભેદ કરવો મુશ્કેલ બને છે. કબીર કહે છે કે જ્ઞાન-ભક્તિના માર્ગમાં ભૂલા ન પડી જવાય તે માટે ભોમિયો યોગ્ય મળવો જોઈએ. અનેક ફાંડાઓ જોઈને સાચી પસંદગી કેમ કરવી તેમાં સદ્‌ગુરુ સહાયરુપ છે.

સુવિચાર

- કઈ વાત, ઘટના તમને સાચી ખુશી આપી શકે એ સમજાઈ જાય પછી જીવનના બધા સમીકરણો સહેલાઈથી સોલ્વ થઈ જાય છે - **સ્નેહા પટેલ**
- સુખ સપના દુઃખ બુદબુદા દોનો હૈ મહેમાન, દોનો બિતન દિજીયે જો ભેજ ભગવાન - **અખંડ આનંદ**
- જ્ઞાન અને સત્તાની શોભા નમ્રતાથી વધે છે - **ચાણક્ય**
- અનુભવ એ બહુ સારો શિક્ષક છે, પણ બહુ મોંઘો છે - **ફાધર વાલેસ**
- ભક્તિના ત્રણ મૂળ છે : જ્ઞાન, સંકલ્પ અને પ્રેમ - **ડોંગરેજી**
- ગુલાબ ઉગતા વાર લાગે છે. જયારે ઘાસ ઝડપથી ઉગે છે - **આફ્રિકન કહેવત**
- આજનું ઔષધ : લીમડાની લીંબોળીને છાશમાં ઘસીને તે પેસ્ટનો ચહેરા પર લેપ કરવાથી ખીલ મટે છે અને ત્વચા કોમળ અને સ્વચ્છ બને છે

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

માણસ મનથી મક્કમ બની પુરુષાર્થમાં લાગી જાય તો સફળતા એને શોધતી આવે.

ડિઝરાયેલી વિદ્વાન પ્રોફેસર હતા. રાજકારણમાં પ્રવેશ કર્યો અને ઈંગ્લન્ડની પાર્લામેન્ટમાં પ્રથમ વખત ચૂંટાયા. વિદ્વતા હતી પણ વ્યાખ્યાની વાચાળતા ન હતી. પહેલી વાર બોલતા ઊભા થયા.

વિરોધ પક્ષે એમની નબળી નસ પકડી લીધી અને તેમની ખૂબ ઠઠ્ઠા મશ્કરી કરી હસવા લાગ્યા. ડિઝરાયેલી શરમ-સંકોચથી લાલ થઈ ગયા - અને બેસી ગયા - સભ્યો શાંત થયા - ત્યારે ફરી ઊભા થઈ ગંભીર થઈ બોલ્યા - 'આજ તો તમે મને બોલવા નથી દીધો - અને બેસાડી દીધો છે પરંતુ ભવિષ્યમાં તમારે મને ખૂબ જ રસ અને ધ્યાનપૂર્વક, ઊભા-ઊભા સાંભળવો પડશે...'

... અને ડિઝરાયલી ઓરેટરીમાં નિષ્ણાત થયા - ઈંગ્લેન્ડના વડાપ્રધાન થયા અને દેશ અને દુનિયાની સમસ્યાઓ પર તેમનું વકતવ્ય સાંભળવા સભ્યો ટાંચણી પડે તો ય સંભળાય એવી શાંતિથી અદલ રાખતા.

બૉલીવૂડ દબાણ હેઠળ છે

કરોડોનું આધણ કરીને બતાવેલી ફિલ્મો તહેવારોની મોસમમાં જ પિટાઈ ન જાય એ માટે બોલીવૂડના કર્ણધારોએ મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાખરે સાથે સમાધાન કરી લીધું છે. એમાં મધ્યસ્થી કરી છે ખુદ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે. સરહદ પર થઈ રહેલ કાર્યવાહીથી દેશની પ્રજામાં સ્વભાવિક રીતે જ પાકિસ્તાન પ્રત્યે ભારે ગુસ્સો છે. એથી પાકિસ્તાની કલાકારોને પણ જાકારો આપવો અને એવા કલાકારોએ જે ફિલ્મોમાં કામ કર્યું હોય એવી ફિલ્મોનો બહિષ્કાર કરવો - એમને રજૂ જ ન થવા દેવી, એવા આત્યંતિક વલણ સાથે મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાએ મોરચો માંડ્યો હતો અને એ મુદ્દે એને નાના પાટેકર અને અજય દેવગણ જેવા કેટલાક કલાકારોએ ખુલ્લો ટેકો પણ આપ્યો હતો. સલમાન ખાને કલાકારોને આવા વહેરાવંચા રાખી જાકારો આપવો ઉચિત નથી, એવું નિવેદન કર્યું એની સામે ઘણો વિરોધ થયો હતો. ખુદ સલમાન વતી ક્ષમાયાચના કરવી પડી હતી. હવે જયારે ફિલ્મો રિલીઝ કરવાના દિવસો વહી જતા લાગ્યા ત્યારે કરણ જોહર જેવા નિર્માતાએ સામે ચાલીને મનસે સાથે રાજ ઠાકરેની શરતોએ સમાધાન કરવું પડ્યું છે. વળી એમાં રાજયના મુખ્યમંત્રીએ મધ્યસ્થી કરવી પડી છે. જે ત્રણ શરતો બોલીવૂડના માંધાતાઓએ માન્ય કરવી પડી છે તેમાં પહેલી શરત આવી ફિલ્મના નિર્માતાએ આર્મી રિલીફ ફંડમાં પાંચ કરોડ રૂપિયા જમા કરાવવાના રહેશે. એ મતલબની છે. વળી ફિલ્મની શરુઆતમાં શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપવાને અને ભવિષ્યમાં કોઈ પણ ફિલ્મમાં પાકિસ્તાની કલાકારને કામ નહીં આપવાની શરતો પણ ખરી જ. ફિલ્મ પ્રોડ્યુસર્સ ગિલ્ડના અધ્યક્ષે આ ત્રણે શરતો માની લીધી છે એટલે હવે મનસે પાકિસ્તાની કલાકારોવાળી જે ફિલ્મો તૈયાર થઈ ગયેલી છે એમને રિલીઝ થતી અટકાવશે નહીં. સૈનિકોના નામે આ પ્રકારની જોહુકમી અને આર્મી ફંડમાં પાંચ કરોડ જમા કરાવવની શરત કેટલાક સોનાના અધિકારીઓને ગમી નથી. સ્વભાવિક છે કે દેશ ખાતર શહીદ થનાર સૈનિકોના બલિદાનને રૂપિયા-આના-પાઈથી તોલી શકાય નહીં. એમના નામ પર થોડાં નાણાં ઉઘરાવી લેવાં એ તો એક પ્રકારની ખંડણી જ કહેવાય. મુંબઈમાં શિવસેના અને એમાંથી જુદી પડેલી મનસે બેઉનું રાજકારણ ખંડણીને માન્ય ઠેરવતું રહ્યું છે. ખંડણીખોર નેતાઓ એમની શરતો પર જ પ્રજાના વિવિધ વર્ગોને એમનું કામકાજ કરવા દે છે. આથી સ્વાભાવિક રીતે જ મનસેના પ્રમુખને પાકિસ્તાની કલાકારોવાળી ફિલ્મો રિલીઝ કરવા માટે આગોતરી 'ખંડણી' આર્મી રિલીફ ફંડમાં જમા કરાવવાનો વિચાર સૂઝ્યો હશે. ખાનગીમાં પાર્ટી માટે ઉઘરાવાતી

તંત્રીસ્થાનેથી...

ખંડણી તો જુદી જ! સેનાને આવા ખંડણીના રૂપિયામાં રસ ન જ હોય. દેશભક્તિના નામે આવી ખંડણીખોરી સામે આક્રોશ વ્યક્ત કરતાં કારગિલના હીરો ખુશહાલ ઠાકુર કહે છે : રાષ્ટ્રીય સંવેદનાઓનો આવી રીતે લાભ લેવો ન જોઈએ. એ વાત ખોટી છે તે રૂપિયા પાંચ કરોડ આપવાથી ખરી કેવી રીતે થઈ શકે? ભૂતપૂર્વ એર વાઈસ માર્શલે પણ સેનાને ખંડણીનો ભાગ બનાવવાની આ ચેષ્ટાનો ખુલ્લો વિરોધ કર્યો છે. કર્નલ વિજય તોમર પૂછે છે : શું આ ફોર્સેના નામ પર બ્લેકમેલિંગ નથી? શું તમે સૈન્ય પર કિંમતનું એક ટૅગ લગાવી દીધું? આવાં અટકચાળાં ખરેખર સૈન્ય સામેનો દ્રોહ જ ગણાવાં જોઈએ. પાકિસ્તાની કલાકારોનો બહિષ્કાર કરો એવું ભારતીય સેનાએ કયારેય કહ્યું નથી. પાકિસ્તાની કલાકારોને બોલીવૂડમાં કામ કરવાની તક એમની લાયકાત પર મળતી હતી. જયારે બે દેશો વચ્ચે કટ્ટર શત્રુભાવ પ્રવર્તી રહ્યો હોય ત્યારે કેટલાકને કલાકારો તરફ પણ દુર્ભાવ જાગે તે સ્વાભાવિક છે. જો કે આ એક માનસિક સંકુચિતતાનો જ ઉપક્રમ છે, એથી વિશેષ કંઈ જ નહીં. પાકિસ્તાન પ્રત્યે શત્રુભાવ થયો તેથી એના કલાકારો, સૂફી ભજનિકો અને સંગીતકારો તરફ પણ સૂગ જાગે તે નાદાનિયત છે. શત્રુતા બે દેશો વચ્ચેની છે, પ્રજાઓ વચ્ચેની નહીં જ.

રૂપાળા નામો પાછળનો શિક્ષણનો કદરૂપો ચહેરો

શિક્ષણની પ્રક્રિયાનો મૂળ આધાર શિક્ષક છે. શિક્ષક જેટલો સશકત તેટલું શિક્ષણ કાર્ય સફળ. શિક્ષકની વિષય પરની પકડ, વિદ્યાર્થીઓ સાથેનું વર્તન શૈક્ષણિક ફળદ્રુપતા પર આધાર રાખે છે.મોરારીબાપુ કહે છે તેમ એક ઘા ને ત્રણ કટકાની વિચારધારામાં વિશ્વાસ ધરાવે તે શિક્ષક. કોઈકે પૂછયું કે - એક ઘાને બે કટકા બરાબર પરંતુ એક ઘા ને ત્રણ કટકા એટલે શું? ત્યારે મોરારીબાપુએ કહયું કે વિચાર, વાણી અને વર્તન માં સમાનતા હોય તે સાચો શિક્ષક.

પરંતુ ગુજરાતનું શિક્ષણ હવે પ્રવાસી શિક્ષણ થઈ ગયું છે. પ્રવાસી શિક્ષકોની જાહેરાતો રોજે રોજ છાપામાં જોવા મળે છે. સરકારને એ બાબતની નીરાંત છે કે પ્રવાસી શિક્ષકો કોઈ વધારાનું ભથ્થું માગવાના નથી કે સાતમા પગારપંચમાં ભાગ પડાવવાના નથી.

પરંતુ સવાલ એ છે કે આ પ્રવાસી શિક્ષક કયારે પ્રવાસ બંધ કરી દે તે નકકી નથી. તેની સ્વીચ પણ સરકારના હાથમાં છે. આપણે બાળકોનું સ્થાયીકરણ છેક હવે કરી શકયા. પ્રવાસી શિક્ષક જો સ્થાયી શિક્ષક બને તો જ શિક્ષક-વિદ્યાર્થી વચ્ચે સંબંધ સેતુ રચાય. અને તો જ શિક્ષણનો સેતુ સાર્થક બને. પ્રવાસી શિક્ષક શિક્ષક તરીકેની સરકારી નોકરી મેળવે ત્યાં સુધી કદાચ તેની ઉંમર વહી જાય અથવા બીજા કોઈ સરકારી વાંધા નડે તો એ આજીવન પ્રવાસી જ રહે.!!

ગુજરાતના વિદ્યાર્થીઓનું (સદ્ કે બદ્) નસીબ જે ગણો તે ; તેમના ભાગે પ્રવાસી શિક્ષકો આવ્યાં. મારી સંસ્થા કે મારી શાળા કે મારા બાળકોનો પ્રેમાળ સેતુ રચાય તો અને તો જ શિક્ષણનું ભણતર અને ઘડતર સાર્થક બને. શિક્ષકોમાં જયાં સુધી મારાપણાની ભાવના મનમાં સ્થાયી ન થાય ત્યાં સુધી શિક્ષક-વિદ્યાર્થીનો સંબંધ સેતુ રચાવો મુશ્કેલ છે. પ્રવાસી શિક્ષકો, વિદ્યાસહાયકો, શિક્ષણ સહાયકો, અધ્યાપક સહાયકો, વહીવટી સહાયકો વગેરે રૂપાળા લાગતાં નામો પાછળ શિક્ષણનો કદરૂપો ચહેરો છૂપાયેલો છે.

'શિક્ષણથી જ વિકાસ શકય છે.' પટાવાળાથી પી.એમ. સુધી આ વાત સ્વીકારાતી હોવા છતાં સમગ્ર બજેટની કસર શિક્ષણના બજેટ પર જ નિકળતી હોય છે.

કેળવણીનો પાયો જેટલો મજબુત હશે તેટલો રાષ્ટ્રનો ઉત્કૃષ્ટ વિકાસ સંભવ છે. શાળા પર ધ્યાન આપશું તો જેલો બાંધવી નહિ પડે. બાળકોમાં સંસ્કારનું આરોપણ કરીશું તો ઘરડાઘરોના ઉદ્‌ઘાટન નહિ કરવા પડે. વિદ્યાર્થીના ઘડતરમાં બેધ્યાન રહીશું તો ચોરી-લૂંટફાટ અને આતંકવાદનો સામનો કરવા ચોકકસપણે તૈયાર રહેવું પડશે.

અદબ-પલાંઠી મોં પર આંગળી
ડૉ. સંતોષ દેવકર

શિક્ષક-વિદ્યાર્થી સંબંધ સિવાયના કોઈ સંબંધમાં ચરણસ્પર્શનો રિવાજ નથી. વકીલ-અસીલ, ડૉકટર--દર્દી, ગ્રાહકવેપારી, નેતા-પ્રજા વગેરે સંબંધો વ્યાવસાયિક અને લગભગ એકબીજાની ગરજ અને જરૂરિયાત પર નિર્ભર છે. જયારે શિક્ષકવિદ્યાર્થીનો સંબંધ અલૌકિક છે. સન્માનયુકત છે. વર્ષો પછી શિક્ષકને મળતો વિદ્યાર્થી, શિક્ષક પ્રત્યે આદરની લાગણી ચરણસ્પર્શ કરતો હોય છે. ત્યારે શિક્ષક પોતે જગતની શ્રેષ્ઠ વ્યકિત હોય તેવી લાગણી અનુભવે છે. કેટલાક અપવાદરૂપ શિક્ષકો વિદ્યાર્થીનું સન્માન મેળવવામાં નિષ્ફળ જતા હોય છે. શિક્ષણ સમાજની કરૂણતા એ છે કે વર્તમાન સમયમાં આવા અપવાદરૂપ શિક્ષકોની સંખ્યા વધતી જાય છે.

કેટલીક અપવાદરૂપ શાળાઓમાં એક નિત્ય પ્રવાસી શિક્ષક હોય, એક પત્રકશિક્ષક હોય એક રાજકારણી શિક્ષક હોય પછી જે બાકી રહયા તે માત્ર બાળકોને સાચવનારા શિક્ષકો બની રહે છે. નિત્ય પ્રવાસી શિક્ષક એટલે એ પ્રવાસ જ કરતો હોય, શાળાએ શાળાએ અથવા તાલુકાએ અથવા વડી કચેરીએ તે શિક્ષકને હંમેશા અગત્યનું કામ રહેતુ હોય છે. તેની

અનુસંધાન પાના નં. ૭ પર

કોઈ કોઈને શીખવતું નથી

થિયેટર જેમ ઊભી થતી યુનિવર્સિટીમાં
દ્રોણ પ્યૂન છે અને પરશુરામ કલાર્ક છે.
કોઈ કોઈને શીખવતું નથી.
કોઈ કાંઈ શીખતું નથી.
પરીક્ષાઓ લેવાય છે.
સર્ટિફિકેટો વહેંચાય છે.
'કોન્વોકેશન' પછી બહાર પડે છે.
ચૂંથાઈ ગયેલી રૂપિયાની નોટ જેવા
કૌરવ-પાંડવો, કલાર્કસ કેવળ કલાર્કસ...

- સુરેશ દલાલ

દ્રૌણ, સાંદીપની, પરશુરામ અને ચાણક્ય જેવા ગુરુઓથી સમૃદ્ધ આપણો દેશ, ભારતના શિક્ષણની એક સમયે આખા વિશ્વમાં પ્રસિદ્ધિ હતી તે ભારતના શિક્ષણનું આજનું વાસ્તવિક સ્વરુપ કવિએ રજૂ કર્યું છે.

હમણાં થોડા વખત પહેલા વિજ્ઞાનપ્રવાહનું પરિણામ આવી ગયું. પરિણામ ઊંચું છે. દરેક ક્ષેત્રે પ્રવેશ મેળવવા ખૂબ તનતોડ મહેનત, લખળૂટ પૈસા જોઈએ. ૧૧ અને ૧૨ વર્ષ દુનિયાથી તડિપાડ થઈને માત્ર ભણ-ભણ-ભણ, ટ્યૂશન્સ, બાયોલોજી, મેથ્સ ફિઝિક્સ, કેમેસ્ટ્રી જેવા કાળમૂખા વિષયો વચ્ચે રહેનાર વિદ્યાર્થી રસ નીકળી ગયા પછી ચૂંથાઈ ગયેલા શેરઠીના સાઠા જેવો થઈ જાય છે. હજી બોર્ડની પરીક્ષા પૂરી થઈ ન થઈ ત્યાં તો ગુજકેટનું ચક્કર ચાલુ થઈ ગયું. તેની તૈયારી અને ટેન્શનમાંથી માંડ હજી હાશકારો અનુભવે ત્યાં પરિણામ આવી ગયું, એક-એક માર્ક્સ માટે હરિફાઈ શરુ, કોના કેટલા ટકે કયાં એડમિશન મળશે એની માથાકૂટ, કઈ ફેકલ્ટીમાં કેટલા અટકે છે તેની બાજ નજર દેખ-રેખ રાખવાની, અને સારી લાઈનમાં અને સારી કૉલેજમાં પ્રવેશ મળે તેની દોડા-દોડી કરવાની.

અરે ! વિદ્યાર્થીને માણસમાં તો રહેવા દો, મશીન થોડું છે કે બસ દોડ્યા જ કરે. મને ખબર છે કે સુજ્ઞ શિક્ષણવિદો અને વધારે પડતા જાગૃત વાલી એવી દલીલ કરશે કે અત્યારની હરિફાઈના યુગમાં જો ટકી રહેવું હોય તો આ બધું જરુરી છે. અત્યારની આ દોડા-દોડી અને માથાકૂટ તો વિદ્યાર્થીનું ભવિષ્ય સુધારી દેશે. પણ મારું માનવું છે કે ભવિષ્યના સોનેરી સ્વપ્ન તમે તમારા પાલ્ય માટે જોયા છે તે હજી કદાચ થવાના છે, જયારે તેનો વર્તમાન, તેની આજ ચુંથાઈ જાય તેનું શું?

વિજ્ઞાનપ્રવાહના આવા ગુંચવાડા અને લમણા ઝીંકના કારણે વિજ્ઞાનપ્રવાહની કૉલેજો બંધ થવાના આરે છે અને 'અંત તો ગત્વા' આ બધાથી લાભ શું? મશીનની જેમ કામ કરાવી કરાવીને વિદ્યાર્થીને મળે છે ઈન્ટરવ્યુની લાઈન! બેકારીનું ખપ્પર. ૨૪-૨૫ વર્ષ ભણતરમાં ગાળ્યા પછી મેળવેલ ડિગ્રી માત્ર પસ્તીના કાગળીયા બની રહે છે ત્યારે એ વિદ્યારથીની મનોદશા કેવી થાય છે એનો વિચાર શિક્ષણવિદ્યોએ નહીં આવતો હોય.

સામાન્ય આવક ધરાવતા વાલી તો પોતાના બાળકને વિજ્ઞાનપ્રવાહમાં મોકલાનો વિચાર પણ કરી શકતા નથી! ખાલી બારમાં ધોરણમાં જ ટ્યૂશન સાથેનો ખર્ચ લાખ રૂપિયા જેટલો થાય છે પછી સેલ્ફ ફાઈનાન્સ એન્જિનિયરીંગ કૉલેજ, ફાર્મસી, મેડીકલ, નર્સીંગ વગેરેમાં મોકલવા માટેની વાત તો કરવા જેવી જ નથી. અને જેવું બારમાં ધોરણનું રીઝલ્ટ આવ્યું એટલે શિક્ષણના દલાલો માર્કેટમાં આવી ગયા. કર્ણાટકમાં બી.ડી.એસ. (ડેન્ટલ)માં એડમીશનના આટલા, મહારાષ્ટ્રમાં વળી અલગ ભાવ, બસ, તમે રૂપિયા ખર્ચો તમારો પાલ્ય ત્યાં ભણશે નહીં તો ચાલશે. તમે તો ફક્ત દર છ મહિને તગડી સેમેસ્ટર ફી ચૂકવતા રહો. પાંચ - છ વર્ષે તમારો ગગો ડીગ્રીના ફરફરિયા સાથે બહાર!

જોવિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીની હાલત પણ આવી હોય તો સામાન્ય પ્રવાહનો તો શું હાલ થાય? આર્ટ્સ કે કોમર્સમાં બારણું, ધોરણ કર્યા પછી બી.એ. કે બી.કોમ. થનાર વિદ્યાર્થીનું ભવિષ્ય શું છે? ધોરણ બાર પછી ત્રણ વર્ષ સ્નાતક થવામાં, બે વર્ષ અનુસ્નાતક થવામાં અને એક વર્ષ બી.એડ. કરવામાં બગાડે. બગાડેલા વર્ષોનો સરવાળો કેટલો થયો! ૩ + ૨ + ૧ = ૬ વર્ષ પછી મળે છે શું? ૧૨૦૦ રૂપિયાની શિક્ષકની નોકરી, અથવા છૂટક રોજિંદા વેતન પર લેકચરર શીપ. બારણાં ધોરણ પછી કોઈ ધંધો શરુ કર્યો હોત તો અત્યાર સુધીમાં તો બરાબર જામી જાય. ૬ વર્ષ સુધી ભણવામાં સમય બગાડીએ પછી વળી પાછું એ જ કરવાનું એટલે પાછા પાંચ-છ વર્ગ સેટ થતા લાગે? ૧૨૦૦ રૂપિયાની શિક્ષકની નોકરી, અથવા છૂટક રોજિંદા વેતન પર લેકચરર શીપ, બારમાં ધોરણ પછી કોઈ ધંધો શરુ કર્યો હોત તો અત્યાર સુદીમાં તો બરાબર જામી જાત. ૬ વર્ષ સુધી ભણવામાં સમય બગાડીએ પછી વળી પાછું એ જ કરવાનું એટલે પાછા પાંચ-છ વર્ષ સેટ થતા લાગે? હમણાં જ થોડા દિવસ પહેલાં જ વર્તમાનપત્રમાં સ્લેટ--નેટ પરીક્ષા પાસ થાસ થયેલા વિદ્યાર્થી લેકચરર બનવા માટે આપવી પડતી પરીક્ષા પાસ કરેલા, એમ.એમ., એમ.ફીલ. એમ.કોમ ફર્સ્ટ કલાક થયેલા વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુ આવ્યા હતા કે હજી તેઓ આટલી મજૂરી કર્યા પછી પણ નોકરીએ લાગ્યા નથી. ઈટ્સ હેપન ઓન્લી ઈન ઈન્ડિયા.

વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

આની પહેલા ઘણી-વાર વર્તમાન-પત્રો અને સામયિકોમાં આવી શિક્ષણ-પદ્ધતિ કેટલાં અંશે યોગ્ય? આવી ચર્ચા થતી રહે છે પણ પરિણામ શૂન્ય જેમ ચાલે છે તેમ ચલાવાય છે. કોઈને ઝડમૂળમાંથી સિસ્ટમ ફેરવવામાં રસ નથી, સળગતાં લાકડા કોણ પકડે? પણ કોઈ ફેરફાર થવાનો જ નથી એમ માની લઈએ, જવા દોને કોણ બોલે? એમ સમજી લઈને બેઠા તો ન રહી શકાય. બહેરા કાન પર અવાજ પહોંચાડવા સમયે-સમયે તો બરાડા તો પાડવા જ રહ્‌તા.

મને ખબર છે આને કોઈ વધારે પડતા લાગણીશીલ વ્યક્તિનો બકવાસ માની લેશે, કોઈ રોષથી ભૂકતા યુવાનની લવરી ગણી લેશે, તો વળી કોઈ છાપામાં પાના ભરવા માટેનું મટીરીયલ માનશે, પણ તેનાથી કોઈ ફેર પડતો નથી. લખી નાખવાથી સમાજ પ્રત્યે મારું ઋણ કંઈક ઓછું કર્યું હોય તેવી લાગણી થઈ રહી છે, વાંચનારમાંથી એકાદની પણ જો લાગણી આના દ્વારા વ્યક્ત થઈ હશો તે બકવાસ, આ લવરી આ મટીરીયલ સાર્થક ગણાશે. ઘણીવાર થાય કે એવો અજવાસ કયારે આવશે જયારે આજનું યુવાધન દિશા વિનાના વહાણ જેવું નહીં હોય! એવો અજવાસ આવશે કે મૃગજળ છે? કે પછી આવી આશા રાખવી એ ભૂલ છે! પણ... શ્રી હર્ષદ ત્રિવેદીની પંક્તિ સાથે અટકું છું...

મેં સતત અજવાસની
તમન્ના કરી એ મારી ભૂલ હતી
હું સતત અજવાસની
તમન્ના કરું છું એ મારી ભૂલ છે
હું સતત અજવાસની
તમન્ના કરતો રહીશ એ મારું વચન છે.

- jayuoza@gmail.com,
Mo. 9898046488

ઉત્સવો જ આપણામાં પ્રાણ પુરે છે – નૂતન ઉર્જાનો સંચાર કરે છે અને નવજીવન તરફ ગતિ બક્ષે છે

'અરે પણ મને એ સ્ટાઈલમાં એવું બધું બોલતા ન આવડે'

ધ્વનિએ એના મિત્રોને કહ્યું, પરંતુ માને તો એ મિત્રો શાના? આખરે સહુએ ભેગા થઈને એની પાસે એક વાક્ય જરા ટીપીકલ અંદાજમાં બોલાવ્યું, 'દિવાળીના સાલમુબારક.'

પહેલી નજરે આમાં કાંઈ નવાઈ જેવું ન લાગે. પરંતુ ઘટનાને કેલીડોસ્કોપ લેન્સની મજાની આંખે જોઈએ તો મજેદાર વાત બને છે.

વાત ધ્વનિ જયારે પ્રાઈમરી સ્કૂલમાં ભણતી હતી તે સમયની છે. દિવાળીનું પર્વ આવે એટલે આસપાસ - પડોશમાં ને એના પોતાના ઘરમાં આનંદ-ઉલ્લાસ અને ઉજાસનું વાતાવરણ છવાઈ જાય. બે માળનો બંગલો અને ખુલ્લો મોટો બગીચાવાળો પ્લોટ. હજુ કામ કરનારા પર આધારિત થવાનો સમય એમના ઘરમાં આવ્યો ન હતો. શિક્ષિકા તરીકે પ્રાઈમરી સ્કૂલમાં નોકરી કરતા દાદી અને ઘર-ગૃહસ્થી સંભાળતા એના મમ્મી ઘરની સાફ-સફાઈ કરાવતા હતા. એના ડેડી અને દાદા પર હોંશથી સાથ પુરાવતા પ્રત્યેક કાર્યમાં.

માળીયા ને મેડા સાફ કરવાના, કબાટોમાંથી નકામી વસ્તઓ ઓછી કરવાની અને કામની વસ્તુ ફરી ગોઠવવાની, ત્રાંબા-પિત્તળના વાસણો ઉટકવાના અને બેઠક રૂમમાં સજાવવાના, બાગ-બગીચામાં સુશોભન કરવાનું - દીવડા પ્રગટાવવાના અને ઊંબરા પુજવાના - આ બધું કામ ઘરમાં નિયમિતરૂપે થતું એ નાનકડી ધ્વનિ પણ એમાં જોડાતી. સોસાયટીમાં આવતા શાકભાજી વેચનારા, સફાઈ કામ કરનારા, ટપાલી જેવા લોકો સાથે ધ્વનિના દાદાને દોસ્તી અને પ્રેમનો સંબંધ. એ બધા પણ બંગલા પાસેથી નીકળે તો બે વાતો કરતા જાય. કોઈ પાણી પીવે, કોઈ વૃક્ષના છાંયજે થોડો સમય આરામ કરે, કોઈ વાતો કરે. દાદા સહુ કોઈને ચા-પાણી નાસ્તો કરાવે. એને કોઈ વસ્તુની જરુર હોય તો એ પણ આપે. એવા માણસોમાં છુટક કામ કરનારો એક ગામડાનો છોકરો એમાં ઉમેરાયો. આવ્યો, એના દાદાને કહે, 'સાઈકલ પર ફરું છું, કામ કરું છું, દિવાળીનું કંઈ કામ હોય તો કહો, ફટાફટ કરી દઉં.'

'અરે સાયેબ, અભણ છું, તમે ચીંધશો ઈ કામ કરીશ. આ તો અમે મજૂર માણહ, કામ કરીએ તો બે પૈસા મળે.' દાદા હજુ કાંઈ વિચારે એ પહેલા એ બગીચામાં સાફસફાઈના કામે લાગી ગયો.

બગીચાનું કામ કરતો જાય, વચ્ચે વચ્ચે ઘરના બીજા પરચૂરણ કામ પણ કરતો જાય. બે-ત્રણ દિવસ એણે બાગ-બગીચો સાફ કર્યો - કુંડા રંગ્યા - માટી ગોડી આપી - પાણીની ટાંકીની સફાઈ કરી - દરવાજા રંગી આપ્યા - દાદાએ પ્રેમવશ આસપાસના બંગલાના બે ત્રણ કામો પણ અપાવ્યા. આમ દિવાળીના પર્વ નિમિત્તે 'ધમા' (કદાચ મૂળનામ ધર્મેન્દ્ર હશે) નામના એ શ્રમિકને સારી એવી આવક મહેનતના બદલામાં મળી ગઈ.

બેસતા વર્ષની વહેલી સવારે એનો અવાજ સંભળાયો... સાઈકલ પર એ ફરતો હતો અને જોર જોરથી 'દિવાળીના સાલ મુબારક' બોલતો હતો. એક બંગલામાં જાય, શુભેચ્છા પાઠવે, શુકનના પૈસા સ્વીકારે ફરી આંટો મારે સાઈકલ પર, બીજા બંગલામાં જાય. આમ ફરતા ફરતા એ આવ્યો ધ્વનિના ઘરે. બા-દાદાને પગે લાગ્યો. 'દિવાળીના સાલ મુબારક' નો રણકાર વહેતો કર્યો. સાયેબ, ભગવાન તમને સુખી રાખે... ધ્વનિને જોઈ - માથે હાથ ફેરવ્યો ને પાગલપનમાં મસ્ત થઈ પાછો બોલ્યો દિવાળીના સાલ મુબારક... મીઠાઈ - શુકનના પૈસા અને એક જોડી કપડાનું કાપડ દાદાએ આપ્યા ને હસતો હસતો જતો રહ્યો ધમો.

આ ક્રમ લગભગ પાંચ સાત વર્ષ ચાલ્યો - એકવાર ધ્વનિના ડેડીએ એને પુછ્યું, 'તું આમ દર વરસે જોરશોરથી સાલમુબારક આપતો કેમ ફરે છે?' સાવ બેફિકરાઈથી અને મસ્તીથી એ કહે 'અરે સાયેબ, આપણને કોઈ સાલમુબારક કહે કે ના કહે, રાહ થોડી જોવાય?' આપણે હંધાયને કહી દેવું દિવાળીના સાલમુબારક.'

આવા મીઠા મીઠા બાળપણના સંભારણા ધ્વનિ વાગોળતી હતી. હવે તો એ કોમ્પ્યુટર એન્જીનીયર થઈને એક એમ.એન.સી.માં કામ કરે છે. એટલે દિવાળીના દિવસો આવ્યા તો એને પેલો શ્રમિક ધમો અને એના દિલની સચ્ચાઈનું - એની સ્ટાઈલનું એની શુભેચ્છાનું સ્મરણ થયું. એણે ટીપીકલ ધમાની જેમ 'દિવાળીના સાલમુબારક' કહ્યું... એના મિત્રોને મજા પડી ગઈ... વારંવાર આ વાક્ય બોલાવ્યું ધ્વનિ પાસે... અને પછી નક્કી કર્યું કે દિવાળીના આ સપરમા દિવસોમાં તારે રોજ એકવાર રૂમમાં આવીને કહેવાનું જ 'દિવાળીના સાલ મુબારક.'

અજવાળું - અજવાળું
તુષાર જોશી

દિવાળીનું પર્વ એટલે પ્રકાશનું ઉજાસનું પર્વ - રંગોળીનું પર્વ - મીઠાશનું પર્વ. અંધકારમાંથી પ્રકાશની યાત્રા, અશુભ પર શુભનો વિજયની ક્ષણો. આનંદ-ઉલ્લાસ અને ઉત્સાહનું પર્વ. આમ તો આપણે ત્યાં રમા એકાદશીથી લઈને દેવદિવાળી સુધીના દિવસો ઉત્સવના જ દિવસો ગણાયા છે. ગામડા હોય કે શહેર લોકો સામૂહિક રીતે આ દિવસોમાં ઉત્સવમય બને છે. રંગોળી પુરાય-દીવડા પ્રગટાવાય અને ઉજાસને ઝીલાય.

એ પછીના દિવસે આવતું નૂતન વર્ષનું પર્વ એટલે નવી હવા - નવી દિશા - નવું પર્વ - નવા મનોરથો અને નૂતન સંકલ્પોનો દિવસ. એ બધાને સાચા પાડવા શરુ થતા પરિશ્રમના પુરુષાર્થના મહિમાનો દિવસ... વડિલોને પગે લાગી એમના આશીર્વાદ મેળવવાનો - સ્વજનો - પ્રિયજનોને ગળે મળી શુભકામના પ્રસરાવવાનો દિવસ.

ઘણીવાર એ અનુભૂતિ રહી છે કે કારતક મહિનાના પ્રથ